આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર





Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૦૩ | ૧૨ જાન્યુઆરી, ૨૦૧૩, શનિવાર; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





(તસવીર : દિપક જાની)

# સમગ્ર રાજ્ય વાઈ-ફાઈ નેટવર્કથી જોડાશે

## મહાત્મા મંદિર ખાતે વાયબ્રન્ટ ગ્લોબલ સમિટનો શાનદાર શુભારંભ : દેશ-વિદેશના રાજદ્વારીઓ સહિત જાણીતા ઉદ્યોગપતિઓની નોંધપાત્ર ઉપસ્થિતિ

## આધુનિક ગુજરાતના નિર્માણના પ્રથમ તબક્કામાં ગ્રામ્ય વિસ્તારોને બ્રોડ બેન્ડથી જોડ્યા છે હવે બીજા તબક્કામાં વાઈ-ફાઈ કનેક્ટીવીટી અપાશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સરકાર સમગ્ર રાજ્યને હવે વાઈ-ફાઈ નેટવર્કથી સાંકળી નૂતન ગુજરાતના નિર્માણનો આરંભ કરશે તેમ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વાયબ્રન્ટ સમિટને ખુલ્લુ મુકતાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યુ હતુ કે આધુનિક ગુજરાતના નિર્માણના પ્રથમ તબક્કામાં તમામ ગ્રામ્યવિસ્તારોને બ્રોડ બેન્ડ કનેક્ટીવીટીથી સાંકળી લેવામાં આવ્યા છે. હવે બીજા તબક્કામાં વાઈ-ફાઈ કનેક્ટીવીટી આપવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી મોદીએ જણાવ્યું હતું કે ૨૧મી સદીમાં વૈશ્વીક પડકારોને અવસરમાં બદલવા અને ટેકનોલોજી તથા નોલેજમાં પાર્ટનરશીપ વિસ્તારવા ગુજરાતની આ પહેલ વિશ્વ સમસ્તના અર્થતંત્રને વિશ્વાસનો અને સકારાત્મક સંદેશ આપે છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર પરિસરમાં આજથી વાઈબ્રન્ટ ગુજરાતની આ વૈશ્વિક ઘટનાએ ઈતિહાસ રચ્યો હતો. વિશ્વના ૧૨૦ દેશોમાંથી આવેલા ડેલીગેશનો માટે ગુજરાત, નોલેજ અને બિઝનેસ પાર્ટનરશીપ માટેનું ગ્લોબલ ડેસ્ટીનેશન બન્યું છે. મહાત્મા મંદિરના વિશાળ કન્વેન્શન પ્લેનરી હોલમાં દુનિયાના દેશોની સરકારોના ઉચ્ચ પ્રતિનિધિ અને પદાધિકારીઓ અને ડેલીગેશનો ઉપરાંત વિદેશમાંથી પ્રતિષ્ઠિત અને ગણમાન્ય આંતરરાષ્ટ્રીય ઉદ્યોગ-વ્યાપાર જગતના વરિષ્ઠ અગ્રણીઓ, કંપની સંચાલકો અને તજજ્ઞોના ડેલીગેશનો ઉપસ્થિત રહયા હતા.

વૈશ્વિક વિકાસના સપના અને સંકલ્પોના દર્શનનો સાક્ષાત્કાર કરાવતા ગુજરાતના સામર્થ્ય અને ક્ષમતાની પ્રતીતિ કરાવતી આ



(તસવીર : દિપક જાની)

ગ્લોબલ સમિટમાં સહભાગી બનેલા સહુ દેશ-વિદેશના વરિષ્ઠ પદાધિકારીઓ ઉત્તમ આયોજનથી પ્રભાવિત થયા હતા.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, એક સમય હતો જયારે ગુજરાતીઓએ દરિયાપાર દુનિયામાં જઈને પોતાનું ઘર બનાવ્યું હતું. ૨૧મી સદીમાં ગુજરાતની એ કોશિશ રહી છે કે આખું વિશ્વ ગુજરાતને પોતાનું ઘર બનાવે.


મહાત્મા ગાંધીની ભૂમિ ઉપર ૧૫૦મી સ્વામી વિવેકાનંદ જયંતિના અવસરે ગુજરાત ''વસુધૈવ કુટુંબકમ્''ની ભારતીય સંસ્કૃતિની અનુભૂતિ કરાવી રહયું છે તેવો ભાવાત્મક આવકાર આપતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ગુજરાતની આ ગ્લોબલ સમિટનું આંતરરાષ્ટ્રીય અવસરમાં દશ જ વર્ષમાં રૂપાંતર થયું છે. જાપાન અને કેનેડા પ્રણાલીરૂપે ફરીથી પાર્ટનર કન્ટ્રી બન્યા છે એની સાથોસાથ વિશ્વના વિકાસ માટેનું ચિંતન ધરાવતા અનેક દેશો અને મહાનુભાવોએ આ સમિટને નવી ચાઈ અને પ્રતિષ્ઠા આપી છે. ભારતમાં સૌથી મોટું વૈશ્વિક વ્યાપાર પ્રદર્શન ગ્લોબલ ટ્રેડ શો એક લાખ ચોરસ મીટરના પરિસરમાં વિશ્વભરના બજાર-ઉત્પાદનોની ધબકતી ગતિવિધિઓનું આકર્ષણ બની ગયું છે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોથી વૈશ્વિક મંદીના વાતાવરણમાં દુનિયાના સામાજિક-આર્થિક જીવન ઉપર વિપરીત અસરો થઈ છે એવા સમયે પણ ગુજરાતે ગ્લોબલ સમિટના સફળ માધ્યમ દ્વારા વિશ્વના અર્થતંત્રને સકારાત્મક સંદેશો અને વિશ્વાસ પૂરો પાડવાની કવાયત કરી છે. એના વિધેયાત્મક પરિણામોની


● અનુસંધાન પાન-૭ પર




પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીના વિકાસ-વિસ્તરણ માટે ૫૦૦ કરોડ ફાળવી વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટી બનાવશું



ગુજરાતને વાયબ્રન્ટ અને રોકાણ પ્રોત્સાહક રાજ્ય બનાવવા માટે નરેન્દ્ર મોદી અભિનંદનને પાત્ર છે. ગુજરાત ભાગ્યશાળી છે



મહાન, શ્રેષ્ઠ અને ઉજ્જ્વળ ગુજરાત માટે નરેન્દ્ર મોદી હૃદય અને મન ખુલ્લા રાખે છે, સૌના વિચારો આવકારે છે અને સ્વીકારે છે.

# ગ્લોબલ ટ્રેડ ફેર નિહાળવા વિક્રમી ભીડ

## ચાર દિવસથી પાટનગરનું નવું નજરાણું બની ચુકેલા ટ્રેડ ફેરમાં વિઝીટર્સનો પ્રવાહ સતત ચાલુ : એન્ટ્રી પોઈન્ટસ પર પણ લાંબી કતારો

ગાંધીનગર, તા. ૧૧

છેલ્લા ચાર દિવસથી પાટનગરમાં બસ વાઈબ્રન્ટ... વાઈબ્રન્ટ છે ત્યારે એક નવું નજરાણું બની ચુકેલા ગ્લોબલ ટ્રેડ ફેરમાં એકઝીબીશન જોવા માટે ત્રણ દિવસમાં ૧૧ લાખથી વધુ મુલાકાતીઓ આવી ચુક્યા હતા અને આજે ચોથા દિવસે પણ મુલાકાતીઓનો પ્રવાહ સતત ચાલુ જોવા મળ્યો હતો. ટ્રેડફેરને નિહાળવા માટે મુલાકાતીઓની આજે વિક્રમી ભીડ જોવા મળી હતી.

રાજ્યભરમાંથી ગાંધીનગરના સે. ૧૭ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાઈ રહેલા ગ્લોબલ ટ્રેડફેરમાં મુલાકાતીઓ સતત આવી રહ્યા છે. ટ્રેડફેરમાં સ્થિત ૨૨ પેવેલીયનમાં મુકવામાં આવેલા વિવિધ માર્કેટીંગ એન્ડ બિઝનેસ માટેના સ્ટોલ્સનો એકઝીબીશન પુરુ થયાને ત્રણ દિવસમાં ૧૧ લાખ મુલાકાતીઓએ મુલાકાત લીધી. જ્યારે આજે ચોથા દિવસે પણ સતત વિઝીટર્સનો ધસારો ટ્રેડફેરમાં જોવા મળ્યો હતો. આજે પણ એકઝીબીશન જોવા માટે અંદાજે અઢી લાખથી વધુની આજે ટ્રેડફેર ખાતે વિક્રમી ભીડ થતા વિવિધ એકઝીબીશન હોલ ભરચક થઈ જવા પામ્યા હતા. તે ઉપરાંત હેલીપેડની ચારેય બાજુના રોડ પર ટ્રાફીક જામની સ્થિતિ ઉદ્‌ભવી હતી. ચ-માર્ગ અને ઘ-માર્ગ ઉપરાંત પોઈન્ટના બસ સ્ટેન્ડના આખાય વિસ્તારમાં પાર્કીંગ હાઉસફુલ થઈ જવા પામ્યા હતા અને ટ્રેડફેરની તમામ એન્ટ્રી પોઈન્ટ પર દિવસભર લાંબી કતારો રહી હતી.





**ફ્રી આયુર્વેદ સ્કીન ક્લીનીક**

ખરજવું (એક્ઝિમા - ECZEMA)ના દર્દીઓ માટે

**મફત નિદાન તથા મફત સારવાર**

ડો. હિતેષ એ. ચૌહાણ
આયુર્વેદ કન્સલ્ટન્ટ
ચામડીના રોગોના અનુભવી વૈદ્ય

તા. ૧૭/૧/૨૦૧૩થી
તા. ૧૮/૪/૨૦૧૩ સુધી
દર ગુરૂવારે સવારે ૮ થી ૧૦ દરમિયાન મળશે

વધુ માહિતી તથા જાણકારી માટે ડો.શ્રીનો સંપર્ક મો. ૯૬૦૧૬૯૬૦૮૯

સ્થળ : ડો. જસવંતસિંહ રાઠોડ સાહેબનું દવાખાનું
બી/૨૦૭, બીજો માળ, રાધે કોમ્પલેક્ષ, SBIની ઉપર,
ગાંધીનગર-કુડાસણ સર્વિસ રોડ, ગાંધીનગર

**બુકીંગ ઓપન**

ફ્લેટ / દુકાનો

ગાંધીનગર સરગાસણ ચોકડી બાજુમાં ૮૦ ફીટ રોડ એસ.જી. હાઈવે, સ્વીમીંગ પુલ, આધુનિક સુવિધાઓવાળા ફ્લેટો, દુકાનો બુકીંગ તેમજ પ્લોટ લે-વેચ માટે મળો.

સંપર્ક : ૯૯૦૯૨ ૮૦૬૩૧
સંપર્ક : ૯૭૨૬૦ ૮૮૩૩૩

**Hotel Pathikashram**

M.99250 23554

Morning Break-fast
Rs.89/-

Gujarati Traditional Lunch
Rs.170/-

Pulav, Sendwich, Pizza,
Bhajipav & Ice-cream,
Coldrinks, Available
up to Latenight.